

## દહેગામમાં જાહેર માર્ગોના પરના દબાણો હટાવાયા

દહેગામ શહેરમાં એસ.ટી. સ્ટેન્ડ વિસ્તારમાં સિટી સર્વેની હદમાં આવેલ પાકા દબાણ સલામત રહ્યાને ગરીબોની રોજગારી છિનવાઈ અને તેમની લારી-ગલ્લા હટાવાયા. આ દબાણ હટાવવાની કામગીરી કોના ઈશારે કરવાઈ રહી છે તે જનતાના મુખે ચર્ચાઈ રહ્યું છે.

# પાલજ ગામના જમીન કૌભાંડમાં બે આરોપીઓની ધરપકડ

### મોડી સાંજે એલ.સી.બી.એ બે ને ઝડપી લીધા : હજુ બે વોન્ટેડ : ૮ વિઘા જમીન હડપ કરવાનો કારસો રચ્યો હતો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પાસેના પાલજ ગામના એક ખેડૂતની કરોડોની કિંમતની ૮ વિઘા જમીનનો નકલી માલીક ઉભો કરીને વેચી મારવાનો કારસો રચાયો હોવાની ફરીયાદને આધારે ગાંધીનગર એલસીબીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમ્યાન ગઈકાલે મોડી સાંજે આ જમીન કૌભાંડના બે આરોપીઓને ઝડપી પાડી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

પાલજ ગામમાં રહેતા અને પાલજની સર્વે નં. ૫૩૪ વાળી ૮ વિઘા જમીન ધરાવતા ખેડૂત નરેશસિંહ અમરસિંહ બિહોલાને બે મહિના પહેલા નોટીસ ઘરે આવી હતી જેને પગલે તેમને તપાસ કરતાં તેની કરોડોની જમીન પચાવી પાડવા પોતે ખેડૂત ઉભો કરીને બોગસ પાવર ઓફ એટર્ની કરાવી જમીન પચાવી પાડવાનો કારસો ઘડાઈ કઢાયો હોવાનું ધ્યાને આવ્યું હતું. ગાંધીનગર એલ.સી.બી. પોલીસે આ સંદર્ભે ઈન્દ્રોડાના નિકુલ નટવરસિંહ ગોહિલ, ચાંદખેડાના શૈલેષ મીઠાભાઈ પટેલ, મોટી આદરજના સતીષ કાળાજી ઠાકોર અને અમિયાપુરના દિનેશ સંદેશા નામના શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. દરમ્યાન એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે ગઈકાલે મોડી સાંજે સતીષ ઠાકોર અને નિકુલ ગોહિલ નામના બે આરોપીઓની ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરૂ કરી છે. જમીન પચાવી પાડવાનો કારસો ઉપરોક્ત તમામ આરોપીઓએ ભેગા થઈને રચ્યો હતો.આ જમીન કૌભાંડમાં હજુ બે આરોપીઓ નાસતા ફરે છે તેમની તપાસ શરૂ કરવામાં આવી છે.



ગાંધીનગર શહેરના સીમાડે આવેલ ઇલેક્ટ્રોનિક એસ્ટેટમાં આજે ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન તેમજ રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઇન્ડસ્ટ્રીઝના માલિકો તેમજ કર્મચારીઓ દ્વારા અને સેવાભાવી યુવાનો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું.
(તસવીર : દિપક જાની)

## ગાંધીનગરના ઉર્વી મેટરનીટી હોસ્પિટલ ખાતે ચિરંજીવી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકારની ચિરંજીવી યોજના અન્વયે જિલ્લામાં ચિરંજીવીમેળાનું આયોજન ડૉ. પ્રદીપ સી. ભાવસાર, ઉર્વી મેટરનીટી હોસ્પિટલ પંચદેવ મંદિર પાસે સેક્ટર-૨૨ ખાતે તારીખ ૨૧ માર્ચ-૨૦૧૩ના રોજ સવારે ૯ કલાકે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ગર્ભસ્થ સ્ત્રીઓની તપાસ, લોહીની તપાસ, સોનોગ્રાફીની તપાસ વિનામૂલ્યે કરવામાં આવનાર છે. તેમાં ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી હાજરી આપવાના છે. આ પ્રસંગે નોંધ લેવા જેવી બાબત એ છે કે જે મહિલાઓ આ મેળામાં આવવાની હોય તેમણે અગાઉના કેસો તેમની ફાઈલો અને કરાયેલ રીપોર્ટ સાથે લાવવા જરૂરી છે.

## સુઘડ કેનાલમાં ઝંપલાવી વૃદ્ધનો આપઘાત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પાસેના સુઘડ નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નીકળેલા કેનાલ સિક્યુરીટી ગાર્ડને બપોરના અરસામાં તરતો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. મૃતદેહ બહાર કાઢીને તપાસ કરતાં આ મૃતદેહ અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલા ક્રિશ્ના બંગલોઝ ખાતેથી ગઈકાલે સાંજથી ગુમ થયેલા ૬૫ વર્ષીય વૃદ્ધ નટવરભાઈ માધાભાઈ પટેલનો હોવાનું બહાર આવ્યું હતું. અડાલજ પોલીસે મૃતકના વાલી-વારસને બોલાવીને તપાસ કરતાં પ્રાથમિક તપાસમાં નટવરભાઈ માનસિક બિમારીથી પિડાતા હોવાથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાનું બહાર આવ્યું છે.

## ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન ૨૩મી માર્ચે યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપક્રમે અને જિલ્લા વહિવટી તંત્રના સહયોગથી તા. ૨૩ માર્ચ - ૨૦૧૩ ના રોજ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજવામાં આવ્યું છે.

આ સંમેલન -સંગે જિલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ, મુખ્ય મંત્રી શ્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગતની સહાયનું વિતરણ તેમજ મહિલા ખેલાડીઓને પુરસ્કારોનું વિતરણ કરવામાં આવશે. આ સંમેલન -સંગે ઉપસ્થિત જિલ્લાની મહિલાઓને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંબોધી -ોત્સાહિત કરશે. આ -સંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવશે. સાથે જ -તિનિધિ મહિલાઓ તેમના -તિભાવ રજૂ કરશે.

જિલ્લા કક્ષાના મહિલા સંમેલનમાં જિલ્લા કલેકટર શ્રી પી સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે. ભટ્ટ તથા જિલ્લાના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં જિલ્લાની મહિલાઓ ઉપસ્થિત રહેશે.

## વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજના વર્ષ ૨૦૧૩-૧૪ના હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભા સચિવાલયના પેન્શનર્સ સમાજની એક બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં સન ૨૦૧૩-૧૪ની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે એન.જે. નિમાવત, ઉપપ્રમુખ તરીકે વિનોદ દલાલ અને મંગળદાસ પટેલ માનદમંત્રી તરીકે બી.ડી. શાહ, મંત્રી તરીકે એમ.યુ. કાગદી, સહમંત્રી તરીકે એમ.સી. શાહ અને એમ.કે.સિનોલની નિમણુંક કરવામાં આવી છે. ખજાનચી તરીકે બી.ડી. સેઈલર તેમજ કારોબારી સભ્યોમાં હસમુખભાઈ થાંભ, એલ.જે. રાજગુરુ, કિશોર પંડયા, અર્જુનભાઈ બાદલ અને પોપટલાલ જી. ચૌહાણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# વડોદરા ગામના સરપંચ સામે મહિલાએ કરી છેડતીની ફરીયાદ

### ગઈ રાત્રે વસ્ત્રો ફાડીને લાજ લુંટવાનો પ્રયાસ કર્યો હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ : સરપંચ ફરાર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર પાસે આવેલા વડોદરા ગામના સરપંચે તેમના ગામની જ એક પરિણીતાના વસ્ત્રો ફાડી નાંખીને ગઈકાલે રાત્રે છેડતી કરી હોવાની ફરીયાદ ડભોડા પોલીસમથકે નોંધાતા ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ સરપંચે પણ તે મહિલા સહિત ચાર વિરૂદ્ધ જાનથી મારી નાંખવાની ધમકી અપાઈ હોવાની ક્રોસ ફરીયાદ નોંધાવી છે. સરપંચ ગઈકાલ રાતથી નાસતા ફરે છે. પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના વડોદરા ગામના સરપંચ દિનેશજી સોમાજી ઠાકોરે ગઈકાલે રાત્રે પોતાના ઘર પાસે જ વડોદરા ગામની જ એક મહિલાની લાજ લેવાની કોશીષ કરી હતી. મહિલાએ ડભોડા પોલીસમથકે નોંધાવેલી ફરીયાદ મુજબ સરપંચ દિનેશજીએ તેણીના કપડાં ફાડી નાંખીને ઈજ્જત લુંટવાનો પ્રયત્ન કરી લાતો મારી હતી. આ મહિલાની ફરીયાદને આધારે ડભોડા પોલીસમથકના જમાદાર તખુજીએ સરપંચ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા સરપંચની શોધખોળ શરૂ કરી છે તો બીજી તરફ સરપંચે પણ આ મામલે ડભોડા પોલીસમથકે ફરીયાદ દાખલ કરાવી હોવાનું જાણવા મળ્યું છે. મહિલા તથા તેના પતિ સહિત ચાર જણાએ મળીને તેમના ઘરે આવીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. ડભોડા પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

## આજે પંચદેવ મંદિર ખાતે ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૨૨ ખાતે સ્થિત પંચદેવ મંદિરમાં ભગવત્ સ્મરણ સાથે સર્વપિતૃ સ્મરણાર્થે 'ભજન સંધ્યા' કાર્યક્રમ તા. ૨૧ માર્ચને ગુરૂવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે યોજાશે.

પંચદેવ મંદિર ખાતે યોજાનાર પિતૃ સ્મરણાર્થે કાર્યક્રમમાં વૈદિક મંત્રઘોષ, પિતૃગીતા પાઠ, સમુહમાં ભગવદ્રીતાા-૧૫માં અધ્યાયનો સમુહમાં પાઠ નામ સંકીર્તન કરવામાં આવશે. શહેરના ભાવિક સજ્જનોને પોતાના પિતૃ સ્મરણાર્થેના આ પવિત્ર કાર્યમાં ભાગ લેવો હોય તેમને પંચદેવ મંદિરમાં સંપર્ક કરવો.

ધબકાર ગૃપના ડો. કેદાર ઉપાધ્યાય તેમજ વૃન્દ દ્વારા ભજન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમીતભાઈ શેઠ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવશે.

# સે. ૧૫ની કોલેજમાં તસ્કરો ફરી વળ્યા : ૮૧ હજારની ચોરી

### વાણિજ્ય કોલેજની બન્ને લેબના તાળા ચાવીથી ખોલીને ૨૩ કોમ્પ્યુટરના મોનીટર અને સ્પીકર્સની ઉઠાંતરી : ૧૨ દિવસે તો સંચાલકોને ખબર પડી કે કોલેજમાં ચોરી થઈ છે...!!

ગાંધીનગર, તા. ૨૦

પાટનગરના સેક્ટર-૧૫ ખાતે સ્થિત સરકારી વાણિજ્ય કોલેજની બે કોમ્પ્યુટર લેબનું ડુપ્લીકેટ કે અસલી ચાવીથી લોક ખોલીને કોઈ શખ્સો ૨૩ કોમ્પ્યુટરના એલ.સી.ડી. મોનીટર અને પાંચ નંગ સ્પીકર મળીને રૂ. ૮૧,૫૦૦ની મત્તાની ચોરી કરી ગયા હોવાની ઘટના બનવા પામી છે. કોલેજના આચાર્ય એસ.જી. દેસાઈની ફરીયાદને આધારે સેક્ટર-૭ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં આવેલી સેક્ટર-૧૫ની સરકારી વાણિજ્ય કોલેજમાં કોઈ જાણભેદુ શખ્સોએ ચોરી કરી હોવાની વિગતો જાણવા મળી છે. ૬ માર્ચના રોજ કોલેજ બંધ કરતી વખતે કોલેજની બન્ને કોમ્પ્યુટર લેબને ચકાસીને લોક કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૮ માર્ચે કોમ્પ્યુટર લેબના તાળા ખોલતા કોલેજ સંચાલકોના ધ્યાને આવ્યું હતં કે બન્ને લેબમાં ચોરોએ હાથફેરો કરી લીધો છે. કોમ્પ્યુટર લેબમાંથી ૨૩ નંગ કોમ્પ્યુટરના એલ.સી.ડી. મોનીટર મળી કિ. રૂ. ૬૯ હારની મત્તા અને રૂ. ૧૨,૫૦૦ની કિંમતના પાંચ નંગ કોમ્પ્યુટરના સ્પીકર્સ મળીને ચોરો રૂ. ૮૧,૫૦૦ની મત્તા કોલેજની બન્ને લેબમાં હાથફેરો કરીને સાફ કરી ગયા હતા. આશ્ચર્યનક બાબત તો એ છે કે ૨૩ નંગ કોમ્પ્યુટરના એલ.સી.ડી. મોનીટર કોલેજમાંથી ગાયબ થઈ ગયા તેમ છતાં ૧૨ દિવસે તો કોલેજ સત્તાવાળાઓને ચોરી થઈ હોવાની ખબર પડી હતી. તે ઉપરાંત ચોરી કરનાર શખ્સોએ લેબના તાળા પણ તોડવા પડ્યા નથી. ડુપ્લીકેટ કે ઓરીજનલ ચાવીની મદદથી તાળા ખોલીને બિન્દાસ્તપણે આટલી મોટી ચોરી કરી છે. આ ચોરીમાં ચોક્કસપણે કોઈ જાણભેદુ શખ્સનો હાથ હોવાનું પોલીસનું માનવું છે. આ ચોરી અંગે કોલેજના પ્રિન્સિપાલ સવજીભાઈ ગણેશભાઈ દેસાઈની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો નોંધીને પી.એસ.આઈ. એમ.ડી. ચૌહાણે તપાસનો દોર શરૂ કર્યો છે.

## ચૌધરી મહિલા પીટીસી કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ચૌધરી મહિલા પીટીસી કોલેજ દ્વારા પીટીસીના બીજા વર્ષમાં અભ્યાસ કરતી તાલીમાર્થીઓ માટે સાયન્સ સીટીની મુલાકાત માટેના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓને અભ્યાસમાં મદદરૂપ થાય એવા ઉમદા આશયથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ મુલાકાત બદલ વિદ્યાર્થીનીઓએ આચાર્ય એમ.એ. મારૂ સાહેબનો આભાર માનવામાં માન્યો હતો.

## ગાંધીનગર જિલ્લાના સિનિયર સિટીઝન્સ પ્રમાણપત્ર / કાર્ડ વિતરણનો ૨૩મીએ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના ૬૦ વર્ષના અને તેથી વધુ ઉંમરના નાગરિકો (સીનિયર સીટીઝન્સ) માટે સિનીયર સીટીઝન્સ -માણપત્ર/કાર્ડ કેમ્પનું આયોજન તા. ૨૩મી માર્ચ- ૨૦૧૩ના રોજ જન સેવા કેન્દ્ર, જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પ અંતર્ગત સીનીયર સીટીઝન્સ -માણપત્ર/કાર્ડની અરજી જરૂરી આધાર/પુરાવાઓ સાથે સ્વીકારવામાં આવશે. નિયત ફી લઈ -માણપત્ર/કાર્ડ ઈસ્યુ કરી આપવામાં આવશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે.તા. ૨૩/૦૩/૨૦૧૩ના રોજ યોજાનાર આ કેમ્પ જે અન્વયે સેકટર- ૧ થી ૫માં રહેતા સીનીયર સીટીઝન્સ નાગરિકોએ સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ કલાક સુધી આવવાનું રહેશે. તેમજ સેકટર- ૬ થી ૧૫માં રહેતા સીનીયર સીટીઝન્સ નાગરિકોએ બપોરના ૧.૦૦ થી ૨.૩૦ કલાક દરમ્યાન આવવાનું રહેશે. સેકટર- ૧૬ થી ૩૦માં રહેતા સીનીયર સીટીઝન્સ નાગરિકોએ બપોરના ૨.૩૦ કલાક થી ૫.૦૦ કલાક દરમ્યાન આવવાનું રેહશે.

આ -માણપત્ર મેળવવા માટે દરેક સીનીયર સીટીઝન્સ નાગરિકોએ ઉંમરના પુરાવા માટે શાળા છોડ્યાનું -માણપત્ર, જન્મનું -માણપત્ર, સીવીલ સર્જનનો દાખલો, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, પાસપોર્ટ, પેન્શન બુકના જન્મ તારીખ બતાવતા પાનાની નકલ અને જન્મ તારીખ દર્શાવેલ મતદાર ફોટો ઓળખપત્ર માંથી કોઈ પણ એક પુરાવાની -માણિત નકલ લાવવાની રહેશે. તેમજ રહેણાંકના પુરાવા માટે રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, પંચાયત/કોર્પોરેશનનું આપના નામ પર હોય તેવું ટેક્ષ બીલ, લાઈટબીલ ( ગયા માસનું) અને ટેલીફોન બીલ (ગયા માસનું) માંથી ગમે તે એક પુરાવાની -માણિત નકલ સાથે લાવવાની રહેશે.

તે ઉપરાંત ઓરીજીનલ ડોક્યુમેન્ટ સાથે લાવવામાં આવ્યા હશે, તો અત્રેના જનસેવા કેન્દ્ર ખાતેથી રજૂ થયેલ ઝેરોક્ષ નકલ -માણિત કરી આપવામાં આવશે, તેવું ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર શહેરના ૬૦ વર્ષના અને તેથી વધુ ઉંમરના નાગરિકો ( સીનિયર સીટીઝન્સ) ને આ કેમ્પનો લાભ લેવા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

## મિલ્કતવેરાના પ્રશ્નો અંગે આજે સંસ્થાઓના પ્રતિનિધિ સાથે બેઠક

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં વિવાદાસ્પદ બનેલી મિલ્કતવેરાની પ્રક્રીયા સંદર્ભે આજે મ્યુનિ. કમિશનર સંસ્થાના પ્રતિનિધિઓની સાથે એક બેઠક યોજવાના છે. જેમાં મિલ્કતવેરા સંદર્ભે અગાઉ રજૂ થયેલા વાંધા સૂચનો ઉપરાંત વિસંગતતાઓ દૂર કરવા સંસ્થાના આગેવાનો રજૂઆત કરશે.

ગાંધીનગરમાં મહાનગર-પાલિકા અસ્તિત્વમાં આવી ત્યારબાદ કોર્પોરેશન કક્ષાએથી મિલ્કતવેરો વસુલવા હાથ ધરાયેલ પ્રક્રિયામાં ભૂલોની ભરમાર સાથે અનેક વિસંગતતાઓ સર્જાઈ હોવાનો જનઆક્રોશ ભભૂક્યો હતો. કોર્પોરેશન કક્ષાએથી વેરા વસુલાતની પ્રક્રિયા અન્વયે કાયદાકીય જોગવાઈઓ જળવાતી ન હોવાનો સૂર ઉઠતા આ મામલે શહેરની સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા આ મામલે સમયાંતરે વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે. જ્યારે વેરા વસુલાતના મામલે નાગરિકો દ્વારા રજૂ થયેલા વાંધાસૂચનો સંદર્ભે કોર્પોરેશન કક્ષાએથી કોઈ જવાબો પણ ન અપાતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે નાગરિકોના વાંધા સૂચનો સંદર્ભે અત્યાર સુધી તંત્ર કક્ષાએથી કોઈ જવાબો અપાયા નથી કે સુનાવણીની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી નથી. વર્ષ ૨૦૧૧-૧૨ના વેરા સંદર્ભે કાયદાકીય પ્રક્રિયા પુરી થઈ હતી ત્યાં સુધી વર્ષ-૨૦૧૨-૧૩ ને અનુલક્ષી વેરાની પ્રક્રિયા હાથ ધરવાનું પણ યોગ્ય ન હોવાનું તેમણે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧
સૂર્યાસ્ત : ૬.૪૭

## તાપમાન

મહત્તમ : ૩૫.૭ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૪ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેરે ડેડ કી મારુતી : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૧૦.૧૫
કાઈ પોં છે : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
જૉલી એલએલબી : ૯.૧૫
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૨૫
૩-જી : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
૩-જી : ૧૦.૦૦, ૧૨.૩૦
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૩.૦૦
ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૫.૪૫
જૉલી એલએલબી : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
જૉલી એલએલબી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જૉલી એલએલબી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કાર્યોમાં પરિણામ શુભ આવશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. કૌટુંબિક જવાબદારીનું ધ્યાન રાખવું. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થશે. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. બીજાની સાથે નકામા ન સંકળાવું. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નવા વ્યાપારિક કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડનો યોગ. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : જમીન સંબંધી કાર્ય બનવાનાં યોગ છે. નવી યોજનાનો પ્રારંભ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : વહીવટના ક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ વધશે. શારીરિક પીડા થઈ શકે છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનુંસમાધાન મળી શકે છે.

**મકર** : બીજાના વિશ્વાસમાં ન આવવું. ધન સંચય થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

**કુંભ** : મહત્વના કાર્ય થશે. નવા વિચાર કે યોજના પર ચર્ચા થશે. મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : માનસિક સંતોષ, પ્રસન્નતા રહેશે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

## ચિરવિદાય

- સ્વ. અમરીતકુમારી નરપત મિશ્રા (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૧૨૬૩/૧, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ. ભવાનજી મથુરજી ઠાકોર (ઉ.વ. ૪૫) મુ.પો. મહુન્દ્રા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શિવાભાઈ વિહાભાઈ રબારી (ઉ.વ. ૬૫) મુ.પો. કનીપુર, તા.દહેગામ, જિ. ગાંધીનગર.